FILE NO.FRC/PRO./2021-22/ RJT/RJT/439 DT. 5/08/2022

ફી નિયમન સમિતિ
રાજકોટ ઝોન,રાજકોટ

PRI-24091103821
SEC-24091103825

શ્રી જી.કે. ભરાડ વિદ્યામંદિર
રાજકોટ-ભાવનગર હાયવે, કસ્તુરબાધામ,
ત્રંબા, રાજકોટ-360020
તા – રાજકોટ
જી.- રાજકોટ
EMAIL:-gkbharad2012@gmail.com

## <u>નિર્ણય</u>

1. શાળાની ફી અંગેની દરખાસ્ત કમિટીના અધ્યક્ષશ્રી તથા સભ્યો - સંચાલક મંડળના પ્રતિનિધિ એ.ડી.પટેલ, સિવિલ એન્જિનિયર શ્રી વી.સી. પાઠક, શિક્ષણશાસ્ત્રી શ્રી એ.એ.સેતા તથા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી જી. બી.દેવળીયા સમક્ષ રજૂ કરવામાં આવે છે. આ હુકમ જાહેર કરવાના સમયે સમિતિના સભ્યશ્રીઓએ સહી કરેલ છે.

2. શ્રી મોહન એજ્યુકેશન એન્ડ ટ્રસ્ટ, સંચાલિત શ્રી જી.કે. ભરાડ વિદ્યામંદિર ત્રંબામાં અંગ્રેજી માધ્યમમાં CBSE બોર્ડ માં ધોરણ-1-10 ચલાવવામાં આવે છે.

3. શાળાએ ધોરણ 1 થી 10 ની વર્ષ 2021-22 થી 2023-24 ની ફી મંજુર કરવા હાલની દરખાસ્ત કરેલ છે.

4. શાળાએ રજુ કરેલ સૂચિત ફી નું માળખું નીચે મુજબ છે.

| STD | MED. | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|
| 1-5 | ENG | 34000 | 36000 | દર્શાવેલ નથી. |
| 6-8 | ENG | 34000 | 36000 | |
| 9-10 | ENG | 42000 | 44000 | |

5. શાળાએ દરખાસ્ત સાથે શાળાને લગતી સામાન્ય માહિતી, વિદ્યાર્થી- શિક્ષકો- વર્ગો ની સંખ્યા, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, નાણાકીય માહિતી વગેરે તથા ફી વધારાના કારણો રજૂ કરેલ છે.

6. શાળાએ વર્ગ મંજુરીના હુકમો તથા વર્ષ 2018- 19, 2019-20 તથા 2020-21 ના ઓડિટ રિપોર્ટ રજુ કરેલ છે. તથા ટ્રસ્ટનું નોંધણીપત્ર રજુ કરેલ છે.

7. ઉપરોક્ત તમામ લેખિત આધારો વંચાણે લીધા.

8. સમગ્ર દેશમાં તાજેતરમાં ઉપસ્થિત થયેલ covid-19ની મહામારી ને કારણે તારીખ 16 -3 -20 થી રાજ્યની તમામ શાળાઓ ( સરકારી, ગ્રાન્ટ-ઇન-એ ઇડ, સ્વનિર્ભર ) બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે કેન્દ્ર સરકાર દ્વારા સમયાંતરે lockdown જાહેર કરવામાં આવ્યું હતું તે સંજોગોમાં શાળાઓ બંધ રાખવામાં આવી

હતી અને હાલની પરિસ્થિતિમાં પણ કેન્દ્ર સરકારના આ અંગેના નિર્દેશ મુજબ શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવાનો આદેશ કરવામાં આવેલ છે અને આ પરિસ્થિતિ ધ્યાને લઇને અરજદાર શાળા ના સને 2019-20ના રજુ થયેલ હિસાબ અને તે વર્ષના વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે સને 2021-22 માટેની ફી, ફી નિયમન સમિતિ નક્કી કરવાનું ઠરાવેલ છે કારણકે સને 2020-21 ના વર્ષ માટે, રાજ્ય સરકારનાં તા.7-10-2020 નાં ઠરાવ મુજબ સને 2019-20 નાં વર્ષ ની FRC દ્વારા મંજુર ફીના 75% રકમ ફી તરીકે લેવાનું ઠરાવ્યું છે. શાળા પૂરેપૂરા સમય ચાલી નથી વિદ્યાર્થીઓની ફી ઓછી આવેલી છે તે જ પ્રમાણે શાળાને પણ ખર્ચનું પ્રમાણ ઓછું થયેલ છે તેથી વર્ષ 2019-20ના વર્ષના ઑડિટ આધારે ફી નક્કી કરવાનું ઠરાવવુ ન્યાયી અને વ્યાજબી છે અને શાળા સંચાલક તથા વિદ્યાર્થીઓના વાલીઓને નુકસાન પણ ન થાય તે હેતુથી અને 2019-20 નું વર્ષ નક્કી કરવામાં આવ્યું છે.

9. શાળાએ રજુ કરેલ ઓડીટ રિપોર્ટમાં 2019-20 અને 2020-21 માં નીચેની વિગતો નોંધનીય છે.

| **EXPENDITURE** | **2019-20 in lac** | **2020-21 in lac** |
|---|---|---|
| FEE INCOME | 80.50 | 41.86 |
| BANK INTERST | 0.63 | 0.43 |
| INTEREST INCOME | 0.07 | 0.06 |
| KASAR A/C | 0.09 | - |
| TOTAL INCOME | 81.21 | 42.36 |
| ADVERTISEMENT | 3.27 | 0.64 |
| ANNUAL FUNCTION | 1.75 | 0.69 |
| BUILDING REPAIRING | 4.29 | 1.04 |
| DONATION | 0.21 | - |
| EPF EXP. | 3.31 | 1.34 |
| SALARY | 63.85 | 35.60 |
| STATIONARY | 1.49 | 0.08 |
| STUDY NATION | 0.40 | - |
| FREE BOOK DISTRIBUTION | - | 1.59 |
| TOTAL EXP. | 80.36 | 43.46 |
| PROFIT / LOSS | +0.85 | -1.09 |

OFFICE OF THE FEE REGULATORY COMMITTEE RAJKOT ZONE सत्यमेव जयते

10. શાળામાં વર્ષ 2019-20 તથા 2020-21 માં વિદ્યાર્થીઓની સંખ્યા, શિક્ષકોની સંખ્યા, વર્ગની સંખ્યા નીચે મુજબ દર્શાવેલી છે.

| વર્ષ | વિદ્યાર્થીની સંખ્યા. | શિક્ષકોની સંખ્યા. | વર્ગનીસંખ્યા |
|---|---|---|---|
| 21-22 | 220 | 18 | 10 |

11. શાળાનો વર્ષ 19-20 નાં ઓડીટ રીપોર્ટ ચકાસતાં મહત્તમ ખર્ચ પગાર ખર્ચ 63.85 લાખ દર્શાવેલ છે. જે શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક સ્ટાફ સંખ્યા ધ્યાને લેતાં મજરે આપવાપાત્ર છે. શાળા ટ્રસ્ટની મીલીકીના બિલ્ડીંગમાં કાર્યરત છે. રીપેરીંગ ખર્ચ રૂ.4.29 લાખ મજરે આપવામાં આવે છે. ડોનેશન રૂ.21000 ખર્ચ પેટે દર્શાવેલ છે. જે ખર્ચ ગણી શકાય નહિ આ સિવાય તમામ ખર્ચ મજરે આપવામાં આવે છે. શાળાએ ફી વધારા માટે લેખિતમાં કારણો રજુ કરેલ છે. જે વંચાણે લીધા.

12. કુલ ખર્ચ રૂ. 80.36 લાખ છે. કુલ માન્ય ખર્ચ રૂ.80.15 લાખ છે. કુલ માન્ય ખર્ચ આધારિત વિદ્યાર્થીદીઠ ખર્ચ, બે વર્ષનો વ્યાજબી વધારો, પર્યાપ્ત ફંડ ની જરૂરિયાત તેમજ લેખિત કારણો ધ્યાને લેતાં વર્ષ 21-22 ની માંગણી મુજબ ફી મંજુર કરવાપાત્ર છે. જેથી નીચે મુજબ ફી મંજુર કરવામાં આવે છે.

| STD. | MED. | APPROVED BY FRC 2021-22 | APPROVED BY FRC 2022-23 | APPROVED BY FRC 2023-24 |
|---|---|---|---|---|
| 1-5 | ENG | 34000 | 36000 | 38000 |
| 6-8 | ENG | 34000 | 36000 | 38000 |
| 9-10 | ENG | 42000 | 44000 | 46000 |

FEE REGULATORY COMMITTEE RAJKOT ZONE

13. શાળાએ હુકમમાં દર્શાવ્યા મુજબ નિયત કરેલ ફી શાળાએ લીધી છે તે સબબનુ એફિડેવિટ દિન -30 માં કચેરી મારફતે અત્રે રજુ કરવાનું રહેશે, તેમજ વધુ વસુલેલ ફી જે વિદ્યાર્થીઓનો અભ્યાસ આગળના વર્ષે ચાલુ રહેલ હોય તેની ત્યાર પછીની મળવાપાત્ર ફી ની સામે મજરે આપેલ છે અને જે વિદ્યાર્થી શાળા છોડી ગયેલ છે તે વિદ્યાર્થી/વાલીને બેન્કિંગ ચેનલથી વધુ વસૂલેલી ફી રિફંડ કરેલ છે તે સબબનુ સોગંદનામું આ હુકમ મળે તેનાં દિન – 30 માં રજુ કરવાનું રહેશે.

ઉપર મુજબની ફી મજરે આપવાના કિસ્સામાં ક્યા વર્ષ ની વસુલવા પાત્ર ફીની સામે કેટલી રકમ મજરે આપી તે અને શાળા છોડી ગયાનાં કિસ્સામાં રિફંડપાત્ર રકમ, ચેક/ આર.ટી.જી.એસ./ ડી. ડી. નંબર, રકમ બેંકમાંથી ઉપડ્યાની તારીખ આ તમામ વિગતો દરેક વિદ્યાર્થી ના નામ જોગ સી.એ.સર્ટિફાઇડ સ્ટેટમેન્ટ ના સ્વરૂપે રજૂ કરવાની રહેશે અને આ સંપૂર્ણ રકમ ત્યાર પછીના વર્ષના હિસાબોમાં "વસૂલેલી ફી રિફંડ ખાતુ" એવા હેડમાં અલગથી દર્શાવવાનું રહેશે.

આગામી વર્ષમાં આ કચેરીમાં રજૂ કરતી વખતે ઉપર મુજબનું સોગંદનામું અને સી.એ. નું સર્ટીફીકેટ અચૂક રજૂ કરવાનું રહેશે

14. અત્રેની સમિતિ દ્વારા નિર્ધારિત કરેલ સદર ફી ની વિગતો શાળા દ્વારા ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ એમ બંને ભાષામાં નોટિસ બોર્ડ તથા શાળાના વેબસાઇટ પર પ્રદર્શિત કરવાની રહેશે.

15. શાળા એક સાથે માત્ર એક ત્રિમાસિક ફી લઇ શકશે તેનાથી વધુ ફી લેવામાં આવશે તો સ્વનિર્ભર શાળાએ ફી નિયમન અધિનિયમ-2017 ની જોગવાઈ અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

16. નિયત કરેલ ફી સંબંધે સ્પષ્ટતા કરવાની કે આ ફી નામદાર સુપ્રીમ કોર્ટના હુકમને આધિન રહેશે.

17. આ હુકમ થી જો તમે નારાજ હોય તો હુકમ મળ્યાં ના દિવસ 21 માં ફી રિવિઝન કમિટી, બ્લોક-1, વિંગ બી-1, છઠો માળ, કર્મયોગી ભવન, સેક્ટર – 10 ગાંધીનગર ખાતે ફોર્મ નં.5 માં જરૂરી આધારો સાથે રૂ.10000 પ્રોસેસ ફી ભર્યાનું અસલ ચલણ જોડી રિવિઝન કરી શકાશે.

Sd/-

અધ્યક્ષ

ફી નિયમન સમિતિ,રાજકોટ ઝોન,રાજકોટ

(નિવૃત જિલ્લા ન્યાયધીશ )

ખરી નકલ (હુકમ થી)

(વી.જે.બાબરીયા)

ફરજ પરનાં અધિકારી

ફી નિયમન સમિતિ, રાજકોટ ઝોન, રાજકોટ

OFFICE OF THE FEE REGULATORY COMMITTEE * RAJKOT ZONE *